# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव


<u>સ્મૃતિપત્ર :-</u>

<u>વિષય</u> :- એન.એસ.એસ. પ્રોગ્રામ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માટે કેન્દ્ર સરકારશ્રીનાં હિસ્સાની વપરાશ ન થઈ શકેલ ગ્રાન્ટની રકમ રીવેલિડેટ કરી ફરીથી ફાળવવા બાબત.

<u>વંચાણે લીધું :-</u>

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક NSS/2022-23/GRANT REVALIDATE / 2023 / 118115 - 118246 તા.૧૮/૧૧/૨૦૨૩

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક NSS/Grant/2024/6751-6925 તા.૧૧/03/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર્સને જણાવવાનું કે <u>વર્ષ ૨૦૨૨-૨૩</u> માટે ભારત સરકારની <u>નિયમિત પ્રવૃતિ માટે વિદ્યાર્થી દિઠ રૂ.૩૬૦/-</u> તથા <u>ખાસ શિબિર માટે વિદ્યાર્થી દિઠ રૂ. ૭૦૦/-</u> ની કુલ ગ્રાન્ટ અત્રેથી તા.૩૧/03/૨૦૨૩ નાં રોજ આપની કોલેજનાં PFMS પોર્ટલમાં આપનાં એન.એસ.એસ. યુનિટને ખર્ચ કરવાની LIMIT સેટ કરી ફાળવી આપવામાં આવેલ હતી. પરંતુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ નાં અંતિમ દિન તા.૩૧/03/૨૦૨૩ નાં રોજ ઉક્ત ગ્રાન્ટની રકમ ભારત સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતાં અત્રેની યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટોમાંથી ઘણા એન.એસ.એસ. યુનિટો દ્વારા આ ગ્રાન્ટને PFMS પોર્ટલમાંથી ઉગવી શકેલ ન હતાં તથા ઘણા એન.એસ.એસ. યુનિટો દ્વારા નાણાંકીય વર્ષનાં છેલ્લા દિવસો હોવાનાં કારણે અને PFMS પોર્ટલ બરાબર કામ ન કરતું હોવાને કારણ પણ આ ગ્રાન્ટની રકમનો ઉપયોગ થઈ શકેલ ન હતો જેથી ભારત સરકારશ્રીમાં રજુઆત કરતાં ભારત સરકારશ્રી તરફથી ઉક્ત જે એન.એસ.એસ. યુનિટો દ્વારા ગ્રાન્ટની રકમનો વપરાશ ન થઈ શકેલ તેવાં એન.એસ.એસ. યુનિટોને આ સહ સામેલ પત્રક અનુસાર તેઓની ઉગવી ન શકેલ તથા તેઓનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા ખર્ચ ન કરી શકવાને કારણે PFMS પોર્ટલમાં બચત રહેલ ગ્રાન્ટની રકમ આપની કોલેજનાં PFMS પોર્ટલમાં ખર્ચ કરવાની લીમીટ સેટ કરી ફરીથી વર્ષ ૨૦૨૨-૨૩ નાં વર્ષ માટે ફાળવણી કરવામાં આવેલ છે. જે ગ્રાન્ટની રકમ PFMS પોર્ટલનો ઉપયોગ કરી વહેલી તકે ઉગવી લેવા વિનંતી કરવામાં આવે છે. અને જે એન.એસ.એસ. યુનિટો દ્વારા આ ગ્રાન્ટની રકમનો ફરીથી વપરાશ કરવામાં આવે તે એન.એસ.એસ. યુનિટોએ ફરીથી વર્ષ ૨૦૨૨-૨૩ માટે રીવાઈઝ્ડ ઓડિટ રીપોર્ટ અત્રેની કચેરીને રજુ કરવાનાં રહેશે. જે વિદિત થવા વિનંતી.

આપનાં દ્વારા તા.૩૧/03/૨૦૨૪ સુધીમાં અનુદાનની રકમનો ઉપયોગ કરવામાં નહીં આવે તો આપની સંસ્થાને ફાળવેલ અનુદાનની રકમ સરકારશ્રીનાં નિયમોનુસાર PFMS પોર્ટલમાં ZERO કરી નાખવામાં આવશે અને


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

**Government Polytechnic Campus,**
**Bhakta Kavi Narsinh Mehta University Road,**
**Khadiya, Junagadh-362263 (Gujarat)**
**Ph: 0285-2681400 Fax: 0285-2681503**

: www.bknmu.edu.in || nss@bknmu.edu.in

તે રકમનો ઉક્ત તારીખ પછી કોઈપણ સંજોગોમાં ઉપયોગ કરી શકાશે નહીં. જે બાબત ગંભીરતા પુર્વક ધ્યાને લઈ આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

(નોંધ :- આપની સંસ્થા/કોલેજનાં એન.એસ.એસ. યુનિટને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર બંને તરફથી ગ્રાન્ટ ફાળવેલ હોવાથી એન.એસ.એસ. યુનિટનાં પ્રોગ્રામ ઓફિસરશ્રી, ક્લાર્ક, સેવકનાં મહેનતાણાં તથા હિસાબોનાં ઓડિટ ફી વગેરેનો ખર્ચ ફક્ત કેન્દ્ર સરકારશ્રીનાં હિસ્સાની ગ્રાન્ટમાંથી સરકારશ્રીનાં નિયમાનુસાર જ ઉધારવાનો રહેશે. રાજ્ય સરકારશ્રીનાં હિસ્સાની ગ્રાન્ટમાંથી ફક્ત એન.એસ.એસ. સ્વયંસેવકોનાં નિયમિત પ્રવૃતિ તથા ખાસ શિબિરને લગતાં જ ખર્ચ ઉધારવાનાં રહેશે. અન્ય કોઈપણ પ્રકારનાં ખર્ચ કરવાનાં રહેશે નહીં.)

વધુમાં ઉકત બાબત અન્વયે કોઈ પ્રકારની માહિતીની આવશ્યક્તા હોય તો તે માટે અત્રેનાં વિભાગનાં ફોન નંબર 0285 – 2681409 પર કાર્યાલય સમય દરમ્યાન શ્રી ભાવિનભાઈ જસાણીને પુછપરછ થઈ શકશે.

ક્રમાંક/બીકેએનએમયુ/એનએસએસ./૦૭૭/૨૦૨૪

તા.૧૩/03/૨૦૨૪

Prog. Co-ordinator
NSS
Bhakta Kavi Narsinh Mehta University,
Junagadh.

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.......

<u>બિડાણ :-</u>

(૧) એન.એસ.એસ. યુનિટોને ફાળવેલ અનુદાની વિગતનું પત્રક

<u>નકલ સાદર રવાના :</u>

(૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ......

(૨) સિસ્ટમ મેનેજરશ્રી, આઈ.ટી. સેલ, વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે........

| ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ એન.એસ.એસ. (કેન્દ્ર સરકારશ્રીનાં હિસ્સાની રિવેલીડેટ ગ્રાન્ટ ફાળવણી પત્રક (૨૦૨૨-૨૩) | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ક્રમ | કોલેજનું નામ | યુનિટ | એન.એસ.એસ. યુનિટોને સને ૨૦૨૨-૨૩ દરમ્યાન અગાઉ PFMS થી ફાળવેલ રકમ | ફાળવેલ ગ્રાન્ટમાંથી એન.એસ.એસ. યુનિટ દ્વારા સને ૨૦૨૨-૨૩ દરમ્યાન કરેલ ખર્ચની રકમ | સને ૨૦૨૨-૨૩ ની કુલ ફાળવેલ ગ્રાન્ટમાંથી PFMS પોર્ટલ મુજબ કરેલ ખર્ચની રકમ બાદ કરી ફાળવેલ રીવેલીડેટ ગ્રાન્ટની રકમ (કોલમ ૪ - ૫) |
| 1 | Shree Bahaudin Science College | 1 | 71,000.00 | - | 71,000.00 |
| 2 | Shree Bahaudin Arts College – Junagadh | 1 | 71,000.00 | 8,750.00 | 62,250.00 |
| 3 | Shree N. P. Arts & Commerce College, Keshod. Dist. Junagadh | 1 | 71,000.00 | - | 71,000.00 |
| 4 | Arts and Commerce College Manavadar | 1 | 53,250.00 | 53,250.00 | 53,250.00 |
| 4 | Govt. Arts College, Bhesan | 1 | 44,729.00 | - | 44,729.00 |
| 5 | Devmani Arts & Commerce College, Visavadar. | 1 | 71,000.00 | - | 71,000.00 |
| 6 | Shree Arts & Commerce College, Mendarda. Dist. Junagadh | 2 | 53,250.00 | - | 53,250.00 |
| | | | 53,250.00 | - | 53,250.00 |
| 7 | Govt. Arts College, Ranavav. Dist. Porbandar | 1 | 53,250.00 | - | 53,250.00 |
| | Shri K H Madhvani Arts and Commerce College Porbandar | 1 | 17,750.00 | - | 17,750.00 |
| 8 | Govt. Arts College – Bhanvad, | 1 | 71,000.00 | - | 71,000.00 |
| 9 | Matrushri Monghima Mahila Arts & Commerce College-Mendarda | 1 | 35,500.00 | 8,875.00 | 26,625.00 |
| 10 | Government Arts & Commerece College-Vanthali | 1 | 25,560.00 | 6,390.00 | 19,170.00 |
| 11 | Patel Kelvani Mandal Technology & B.ED. College - Junagadh | 1 | 35,500.00 | - | 35,500.00 |
| | **TOTAL** | | **7,27,039.00** | **77,265.00** | **7,03,024.00** |

Prog. Co-ordinator
NSS
Bhakta Kavi Narsinh Mehta University,
Junagadh.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.


જા.ક્ર.:-NSS/2022-23 Grant Revalidate/2023/118115 - 118246 તા.18/11/2023

પ્રતિ,

- પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી, એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટી તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

**વિષય :- એન.એસ.એસ.ની સને ૨૦૨૨-૨૩ની રિવેલિડેટ કરેલ ગ્રાન્ટ અંગે**

**સંદર્ભ :- અત્રેની કચેરીનો તા.27/10/2023નો આદેશ ક્ર. NSS/2022-23 Grant Revalidate/ 2023/117881-117963**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારત સરકારની સૂચના અન્વયે એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓની સને ૨૦૨૨-૨૩ના વર્ષની ગ્રાન્ટ સંદર્ભદર્શિત આદેશ દ્વારા ચાલુ વર્ષમાં રિવેલિડેટ કરવામાં આવેલ છે. જે અન્વયે આપની યુનિવર્સિટી/ કોલેજો/ શાળાઓ દ્વારા સને ૨૦૨૨-૨૩માં પોતાના ફંડીંગમાંથી કરેલ ખર્ચ તા.૧૦/૧૧/૨૦૨૩ સુધીમાં ઊગવી લેવા જણાવેલ હતું.

ભારત સરકારના માન. સચિવશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ ઓનલાઇન બેઠકમાં થયેલ ચર્ચા મુજબ સદર અનુદાન તા.**૩૦/૧૧/૨૦૨૩ સુધીમાં** ઊગવી લેવા જણાવવામાં આવે છે. આ અંગે આપના તાબાની શાળા/કોલેજોને આપની કક્ષાએથી તાત્કાલિક સૂચના તથા જરૂરી માર્ગદર્શન આપશો.

વધુમાં, સદર ૨૦૨૨-૨૩ના અનુદાનમાંથી આપની યુનિવર્સિટી/ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા તાબાની કોલેજો/શાળાઓ દ્વારા થયેલ ખર્ચની વિગતો સહિતનું અનુદાન વપરાશ અગેનું સર્ટિફિકેટ અત્રે રજૂ કરવા જણાવવામાં આવે છે. જેથી ચાલુ વર્ષ સને ૨૦૨૩-૨૪ના અનુદાનની ફાળવણી અંગે કાર્યવાહી કરી શકાય.

(આર. આર. પટેલ)
રાજ્ય એન.એસ.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના :

- રિજિઓનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. રિજિઓનલ ડાયરેક્ટરેટ, બીજો માળ, પાટનગર યોજના ભવન, એલિસબ્રિજ, અમદાવાદ
- રજિસ્ટ્રારશ્રી, એન.એસ.એસ. સંલગન યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય

ઈ-મેઈલ આઈડી : nss.uni.hc-che@gujgov.edu.in, nss.deo.sc-che@gujgov.edu.in, nss.svks.jc-che@gujgov.edu.in